# Eternity Literature & Social Science Review Journal (ELSSRJ)

Vollume : 2 ,Issue No : 2 e- ISSN:2456-3528


## Title of Article

# હોમસાયન્સ- વિજ્ઞાન, કલા અને કારકિર્દીનો સમન્વય

## Author/Researchers


પ્રા. ગીતાબેન બી. રાવલ

પ્રા. પુષ્પાબેન બી.ગરાસિયા

આર્ટ્સ કોલેજ, મોડાસા



Issue Month& Year

April 2017

Editor-In-Chief

Dr. Dinesh K. Bhoya

# હોમસાયન્સ- વિજ્ઞાન, કલા અને કારકિર્દીનો સમન્વય

ગૃહવિજ્ઞાન વ્યવહારુ રીતે ઘર ચલાવવા માટેની પાયાની અને આવશ્યક તાલીમ આપતી શાખા છે. ગૃહ વિશેની વ્યાપક માન્યતા એટલી જ છે કે તે સારી ગૃહીણીના ઘડતરનું કાર્ય કરે છે. ગૃહવિજ્ઞાન જ્ઞાનની વિશિષ્ટ શાખા છે કે જે તમામ ભૌતિક અને માનવીય સંબંધો વિકસાવવા અને જાળવવા મદદ કરે છે. જે કુંટુંબના સુખ અને શાંતિ વધારવા તેના નૈતિક ધોરણો ઉંચા લઈ જવા, તેની આર્થિક સ્થિતિ સુધારવા અને વધુ સમૃધ્ધ બનાવવા પ્રયત્ન કરે છે. ગૃહવિજ્ઞાનના આધુનિક ખ્યાલમાં એ બાબત પર વધુ ભાર મૂકવામાં આવે છે કે સ્ત્રી અને પુરુષ બંનેને પોતાની પ્રગતિ માટેની સમાન તકો પ્રાપ્ત થવી જોઈએ. વિજ્ઞાનની સાથે તેમાં કલાનો સમન્વય કરવામાં આવ્યો છે આ અભ્યાસક્રમમાં ઘણી વિદ્યાઓનો સંગમ છે. રસાયણવિજ્ઞાન, સમાજસાસ્ત્ર, પારિવારિક સંબંધ, સામુદાયિક જીવન, કલા, ભોજન, પોષણ, વસ્ત્રવિજ્ઞાન, ગૃહપ્રબંધન વગેરેનો સમન્વય છે. ગૃહવિજ્ઞાનનું મહત્વનું વિજ્ઞાનથી જરાપણ ઉતરતું નથી.

ગૃહવિજ્ઞાન શિક્ષણનો ઈતિહાસઃ-

૧૯૨૦થી ૧૯૪૦ની વચ્ચે બ્રિટિશ શાસનકાળ દરમ્યાન ગૃહવિજ્ઞાનને ડોમેસ્ટીક સાયન્સ ગૃહઉદ્યોગ, જેવા નામોથી શાળા અને કોલેજમાં દાખલ કરવામાં આવ્યું હતું. વડોદરાના મહારાણી ગર્લ્સ સ્કૂલમાં ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ગૃહવિજ્ઞાન શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું. ૧૯૪૭ પછી તેમાં ઘણાં પરિવર્તન આવ્યા હતા. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં ગૃહવિજ્ઞાનને અલગ શાખા બનાવવામાં આવી હતી. આ જ સમયે ગુજરાત અને બીજા રાજ્યોમાં ગૃહવિજ્ઞાનના ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં શાખા તરીકેનું સ્થાન આપવામાં આવ્યું.

ગૃહવિજ્ઞાનની શિક્ષણની શરૂઆત કોલેજની કક્ષાએ દિલ્હીની લેડી ઈરવીન કોલેજમાં ૧૯૩૨માં થઈ. ત્યારબાદ ૧૯૩૮ પછી મદ્રાસમાં કોલેજમાં ડિગ્રી કક્ષાએ ગૃહવિજ્ઞાન શિક્ષણની શરૂઆત કરવામાં આવી. ૧૯૪૨માં દ્રાસમાં કવીન મેરીસ કોલેજ અને વીમેન્સ ક્રિશ્ચિયન કોલેજમાં શરૂઆત થઈ. દિલ્હી, મદ્રાસ અને અલ્હાબાદની કોલેજોમાં ગૃહવિજ્ઞાન શિક્ષણનો પાયો કોલેજ કક્ષાએ શરૂ થયો. ૧૯૫૦માં વડોદરા ગૃહવિજ્ઞાન શિક્ષણનું મહત્વનું કેન્દ્ર બન્યું. ગૃહવિજ્ઞાન શિક્ષણની પહેલી અલગ ફેકલ્ટીની સ્થાપના મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઉપકુલપતિ હંસાબેન મહેતા દ્વારા કરવામાં આવી. સ્થાપના પછીના બે વર્ષના ટૂંકાગાળામાં સ્નાતક કક્ષાએ વિશિષ્ટકરણ (Specialization) શરૂ કરવામાં આવ્યું. ૧૯૮૦ સુધીમાં ગૃહવિજ્ઞાન વિષયના પાંચ વિભાગો શરૂ કરવામાં આવ્યા ૧૯૫૨ સુધીમાં કોઈમ્બુતૂર, લુધિયાણા, મુંબઈ, દિલ્હી, ઉદેપુર અને તિરુપતિમાં ગૃહવિજ્ઞાનની કોલેજો શરૂ કરવામાં આવી.

૧૯૩૫ સુધીમાં અલ્હાબાદની કૃષિ યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ શરૂ થયો. ૧૯૬૫-૭૫ના સમયગાળામાં કૃષિ યુનિવર્સિટી શરૂ થઈ. ભારત ખેતી પ્રધાન દેશ હોવાથી કૃષિ યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનનું મહત્વ સ્વીકારવામાં આવ્યું. યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનની કોલેજોની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં ગૃહવિજ્ઞાન શીખવતી અનેક કોલેજો છે. અમદાવાદ, બરોડા, રાદકોટ, વલ્લભવિદ્યાનગર, ઉપલેટા, ભાવનગર, સુરત, જામનગર, મોડાસા, મહેસાણા, ચાણસ્મા, ઉંઝા, ધનસુરા કોલેજોમાં ગૃહવિજ્ઞાન શીખવવામાં આવે છે. ગુજરાતમાં યુનિવર્સિટી સંલગ્ન આવી અનેક કોલેજો છે.

ધોરણ બાર પાસ કર્યા પછી કોઈ પણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે. કોલેજમાં ગ્રેજ્યુએશનના ૩વર્ષ અને પોસ્ટ ગ્રેજ્યુએસનના બે વર્ષ હોય છે. આ અભ્યાસક્રમમાં જોડાવા માટે વિદ્યાર્થીનીઓ પાસે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, રચનાત્મકતા, સંવાદ, નિપુણતા, સુંદરતાને પારખવાની આવડત જરૂરી છે.

પ્રગતિશીલ અને આધુનિક વિચારધારાવાળી મહિલાઓ માટે ગૃહવિજ્ઞાન આદર્શ વિષય છે. સમકાલીન કળાની સમજ સૌંદર્યવાન અને આધુનિક દ્રષ્ટિકોણમાં ઘરમાં સુવ્યવસ્થિત રાખવાની સમજ અને જીજ્ઞાસા ધરાવનારા માટે ગૃહવિજ્ઞાન વિષય યોગ્ય છે. ખોરાક અને પોષણ, કાપડ અને વસ્ત્ર વિજ્ઞાન, ગૃહવ્યવસ્થા, બાલમનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન શિક્ષણ અને વિસ્તરણ જેવા વિષયોમાં સ્પેશિયલાઈઝેશન કરી શકાય છે. ગૃહવિજ્ઞાનમાં નીચેના વિષયો શીખવવામાં આવે છે.

(1) આહાર અને પોષણ (Food and Nutrition)

ખાદ્યપદાર્થમાંથી મળતા પોષકતત્વો યોગ્ય ખોરાકના સમન્વયને લગતી સમજ, આહાર પરામર્શ નવી નવી વાનગીઓની બનાવટને લગતી સમજ, સ્વાસ્થ્યને લગતી સામુદાયિક સભાનતા, વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. પોષણયુકત ખોરાકના આયોજન અને બનાવટની ક્ષમતા કેળવવી ખોરાક સાચવણીની ક્ષમતા પ્રાપ્ત કરવી વિશિષ્ટ પ્રસંગ કે વ્યકિતઓ માટે ભોજનના આયોજન અને બનાવટની ક્ષમતા કેળવવામાં આવે છે.

અત્યારના યુગમાં ભૂખથી વધારે જેટલા માણસો મરે છે. તેટલાં માણસો જરૂર કરતાં વધારે ખાવાથી મરી જાય છે. તેથી પ્રોટીન, કાર્બોટાઈડ્રેટ, ચરબી, વિટામીન, ક્ષારોનું મહત્વ શું છે, તેની અછતથી થતા રોગો માટે જવાબદાર પરિબળોની માહિતી આપવામાં આવે છે.

(૨) ગૃહવ્યવસ્થા Family Resource Management:-

ગૃહવ્યવસ્થાને લગતા વિવિધ પરિબળોની સમજ આપવામાં આવે છે. મકાન, તેને લગતી તમામ બાબતોની જાણકારી આપવામાં આવે છે. કુટુંબની આવક પ્રમાણે બજેટ બનાવવાની જાણકારી આપવામાં આવે છે. ગૃહ પ્રબંધનમાં ગ્રાહક જાગરૂકતા, રહેણાંક બિલ્ડીંગની યોજના તેનું પ્લાનીંગ, તેનું ઈન્ટીરીયર ડેકોરેશન કેવી રીતે કરવું, ફર્નિચરની પસંદગી, ગોઠવણી અને કાળજી કેવી રીતે રાખવી તેનાથી માહિતગાર કરવામાં આવે છે. જુદા જુદા રૂમોનું આયોજન, તેની સાઈઝ, તેમાં ફર્નિચરની ગોઠવણી રંગ, પડદા, લાઈટની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની સમજ આપવામાં આવે છે. ઈલેકટ્રીક અને નોન ઈલેકટ્રીકલ સાધનોની સમજ આપવામાં આવે છે. વિચારશીલ અને બુદ્ધિશાળી ગ્રાહક બનવાની કુશળતા શીખવાય છે.

(3) કાપડ અને વસ્ત્ર વિજ્ઞાન Clothing and Textile:-

વિવિધ વ્યકિતઓની વ્યકિતગત અને આર્થિક જરૂરિયાત તેમજ ઋતુ પ્રમાણે કપડાંની પસંદગી કરવી કપડાની કાળજી અને ધોલાઈ કેવી રીતે કરવી તેની જાળવણી, જુદી જુદી ઉંમરની વ્યકિતઓ માટે કપડાંની સિલાઈ કરવી ભરતકામ અને ઉનનું ગુંથણ શીખવવામાં આવે છે. વિવિધ કાપડ અને મટીયરલ અંગેની સમજ આપવામાં આવે છે.

(૪) બાળવિકાસ વિભાગ Child development:-

બાળવિકાસ સ્વસ્થ માનવીય સંબંધો વિકસાવવા બાળકની શારીરિક, માનસિક, આવેગીક અને સામાજિક વિકાસ પ્રક્રિયાની સંપૂર્ણ સમજ આપવામાં આવે છે. બાળકના સર્વાંગી વિકાસમાં આવતા પ્રસ્નો સમજી તેમને હલ કરવાની ક્ષમતા કેળવવી, બાળકલ્યાણને લગતી માહિતી આપવી.

(૫) ગૃહવિજ્ઞાન શિક્ષણ Home Scince Education and Extention:-

ગૃહવિજ્ઞાન શિક્ષણમાં સફળ શિક્ષણમાં પ્રક્રિયાને અસરકર્તા પરિબળો સમજવા શિક્ષણની વિવિધ પધ્ધતિઓનું જ્ઞાન પ્રાપ્ત કરી ઉપયોગ માટેનું કૌશલ્ય કેળવવામાં આવે છે. શિક્ષણમાં મૂલ્યાંકનની વિવિધ પ્રક્રિયાઓનું જ્ઞાન મેળવવું, નિપુણ શિક્ષણનું વ્યકિતત્વ ખીલવવું, ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારોમાં પૌઢ શિક્ષણના વર્ગોનું સંચાલન કરવું નર્સરી સ્કૂલની સ્થાપના કરી અને તેનું સંચાલન કરવું.

ગૃહવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે વ્યવસાયિક તકોઃ-

ગૃહવિજ્ઞાનનું ક્ષેત્ર વિસ્તરતું જાય છે. તેમ ગૃહવૈજ્ઞાનિકો માટે વ્યવસાયિક તકો વધારે ઉજ્જવળ બની રહી છે. ગૃહવિજ્ઞાન શાખાની વિદ્યાર્થીનીઓ ગૃહવિજ્ઞાનના શિક્ષણ ઉપરાંત તે સંબંધિત અન્ય શિક્ષણ પ્રાપ્ત કરે છે. વ્યવસાયિક તકો ઉજ્જવળ બને છે જેમ કે ઈન્ટીયર ડેકોરેશન, ડાયર થેરાપીનું શિક્ષણ, બાળવિકાસ વિભાગમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાં હોટલ મેનેજમેન્ટનો ડિપ્લોમાં માસ કોમ્યુનિકેશનનો ડિપ્લોમાં, એમ. એસ. ડબલ્યુ વગેરે છે.

શાળામાં શૈક્ષણિક કારકિર્દી અપનાવવા સ્નાતક થયા પછી બી.એડ કરવું આવશ્યક છે.

(1) સરકારી, અર્ધસરકારી કે ખાનગી સ્કૂલોમાં શિક્ષિકા તરીકે જોડાઈ શકે છે. ગૃહવિજ્ઞાનમાં અનુસ્નાતક તથા પીએચ. ડી. કે નેટ. સ્લેટ પાસ કર્યા પછી કોલેજ કક્ષાએ પણ ગૃહવિજ્ઞાન વિષયમાં પ્રોફેસર તરીકે સેવા આપી શકે છે. શાળા તથા કોલેજોમાં લેબોરેટરી આસીસ્ટન્ટ તરીકે જોડાઈ શકે છે. સ્નાતક થયા બાદ એમ. એસ. ડબલ્યુના અભ્યાસક્રમમાં જોડાઈને નોકરીની સારી તક મેળવી શકે છે.

(૨) બાલવાડી, આંગણવાડી, નર્સરી સ્કૂલ, ચાઈલ્ડ કેર એકમોમાં સ્નાતક થયા બાદ શિક્ષિકા અને સંભાળકર્તા તરીકે કાર્ય કરી શકે છે. નર્સરી સ્કૂલ તથા સુપરીટેન્ડન્ટનું કાર્ય કાર્યદક્ષતાપૂર્વક કરી શકે છે.

(3) પોલીટેકનીક કોલેજોમાં પણ આહાર અને પોષણ વિષય માટે લેકચરરની જગ્યા હોય છે.

(૪) ખેતીવાડી કોલેજોમાં પણ લેકચરરની પોસ્ટ હોય છે. ત્યાં પણ સર્વિસ મળી શકે છે.

(૫) ઈન્ડીયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચમાં પણ ગૃહવૈજ્ઞાનિકને સર્વિસ મળી શકે છે.

(૬) ડાયર થેરપીનું મહત્વ વધી રહ્યું છે. ગૃહવિજ્ઞાન શિક્ષણના આહાર અને પોષણ વિભાગમાં વિશિષ્ટકરણ પ્રાપ્ત કર્યા પછી ડાયટેટીકસમાં ડિપ્લોમાં કરી શકાય છે. તે પછી હોસ્પીટલમાં ડાયટેશ્યન તરીકેની કારકિર્દી અપવાની શકે છે. અથવા સ્વતંત્રપણે પોતાનું સલાહ કેન્દ્ર ચલાવી શકે છે.

(૭) કેટરીંગ કે હોટલ મેનેજમેન્ટ સંલગ્ન ડિપ્લોમાં ધરાવનાર કેન્ટીન, હોટલોમાં કામ મેળવી શકે છે. આરોગ્ય કેન્દ્રમાં આહાર દ્વારા સારવાર અંગેના સલાહકાર અને વ્યવસ્થાપક તરીકે કામ કરી શકે છે.

(૮) બેકરી, ફાસ્ટફુડ, બનાવતી કંપનીમાં સુપરવાઈઝર તરીકે કામ કરી શકે છે.

(૯) મસાલા ઉદ્યોગમાં નિષ્ણાત સલાહાકર તથા માર્કેટીંગ પ્રતિનિધિ તરીકેની તક પ્રાપ્ત કરી શકે છે.

(૧૦) કેન્દ્રીય અને રાજ્ય સરકાર દ્વારા વિસ્તરણ કાર્યને મહત્વપૂર્ણ સ્થાન મળે છે. તેથી વિસ્તરણ કાર્ય અને સમાજ કલ્યાણ ખાતામાં ઉજ્જવળ તકો રહેલી છે. કોમ્યનિકેશન અને એક્ષટેન્શન એજ્યુકેશન પ્રચાર અને પ્રસાર કાર્યમાં ગ્રામસેવકા તરીકેની ફરજ બજાવી શકે છે.

(૧૧) ગૃહવૈજ્ઞાનિક ટેક્ષટાઈલ ડિઝાઈનર તરીકેનું કાર્ય પણ કરી શકે છે. કાપડ અને વસ્ત્ર વિભાગમાં વિશિષ્ટીકરણ ધરાવનાર ગૃહવૈજ્ઞાનિકો માટે તૈયાર કાપડના વ્યવસાયમાં ફેશન ડિઝાઈનર તરીકે કાર્ય કરી શકે છે.

(૧૨) ઈન્ટીરીયર ડેકોરેશનમાં જાણકારી ધરાવનાર ઈન્ટીરીયર ડેકોરેશનની કારકિર્દી અપનાવી શકે છે.

(૧૩) ડેરી ઉદ્યોગમાં પણ સર્વિસ મેળવી શકાય છે.

(૧૪) સમાજ, આરોગ્ય તથા બાળ આરોગ્ય વિભાગ, સંકલિત બાળ વિકાસ યોજના I.C.D.S અંતર્ગત C.P.P.O મુખ્ય સેવિકા તરીકે કાર્ય કરી શકે છે.

(૧૫) મધ્યાહ્ન ભોજન યોજનામાં જિલ્લા પ્રોજેકકટ કો-ઓર્ડિનેટર તથા તાલુકા કક્ષાએ M.D.M સુપરવાઈઝર તરીકે કામ મેળવી શકે છે.

(૧૬) આરોગ્ય અને પરિવાર ક્લ્યાણ વિભાગમાં કાઉન્સેલર તરીકે જોબ મેળવી શકે છે.

(૧૭) ચીલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં પ્રકલ્પ સંયોજક (પ્રોજેકટ કો-ઓર્ડિનેટર)માં નોકરી મેળવી શકાય.

(૧૮) કુંટુંબ અને બાળકલ્યાણ સમિતિમાં ઈન્સ્ટ્રકટર ઈન ન્યુટ્રીશનમાં જોબ મેળવી શકે છે.

(૧૯) જીલ્લા આરોગ્ય સોસાયટીમાં ન્યુટ્રીશન આસીન્ટન્ટ તરીકે કામ કરી શકે છે.

(૨૦) ખાનગી સમાજ સેવાની N.G.O સંસ્થામાં સુપરવાઈઝર તરીકે કામ કરી શકે છે. C.C.E કો-ઓર્ડિનેટર તથા ન્યુટ્રીશન હેલ્થ મોબીલાઈઝર તરીકે કામ કરી શકે છે.

(૨૧) સ્નાતક થયા પછી પોતાના સીવણ કલાસ, ભરત ગુંથણના કલાસ કે કપડાંની દુકાન કરી શકાય છે. કપડાંની એક કે બે બનાવટ તૈયાર કરી પોતાનો ગૃહઉદ્યોગ ઉભો કરી શકાય છે. ખાદ્યાપરિક્ષણની જામ, જેલી, અથાણા, પાપડ, સ્કોવોશ, મુરબ્બા, કેચપ, બનાવીને તેનો વ્યવસાય કરી શકાય. રેડીમેડ ગારમેન્ટ ઉદ્યોગ કરી શકાય. ઈન્ટીરીયર ડીઝાઈનર તરીકે કામ કરી શકાય. કુંકીંગ કલાસ પણ કરી શકાય.

# Green Flag Foundation , Sonasan

Sabarkantha, Gujarat - 383210,IND.
Web: www.eternityzxy.com , emai : patelrjsh4@gmail.com,
Contect no : +91 9724590815,

Eternity Literature & Social Science Review Journal Eternity Literature & Social Science Review Journal Eternity Literature & Social Science Review Journal

ELSSRJ
e-Journal For Scholar

Eternity Literature & Social Science Review Journal

ISSN 2456–3528


# Certificate of Article

This is to certify that our Editorial board and Peer review team accepted the Article Under title Homescience, Vignyan , Kala Ane Karkirdino Samanvay . Which is submitted by Prof. Gitaben B. Raval & Prof. Pushpaben B. Garasiya. This Research Article is original and innovative. It is double blind peer re-viewed. This paper is published in Volume –II, Issue- II (April-2017 Issue).

CHIEF EDITOR
Eternity Literature &
Social Science Review Journal